પ્રસ્તાવના.

ભાઇઓ દરેક સ્થળે અવલોકન કરીશું તો એમજ માલુમ પડશે કે; આનંદ, અને શોક, આશા, અને નિરાશા, ગ્નાન, અને અગ્નાન, એકજ વસ્તુમાંથી અનુભવાય છે. જે વસ્તુ આપણને આનંદ આપે છે, તેજ વસ્તુ બીજાને દીલગીર કરે છે. જે વસ્તુની એક માણુસ આશા રાખે છે, તેજ વસ્તુ બીજા માણુસને નિરાશ કરે છે. વળી વીચારો કે! એક માણુસ જે ચોપડી વાંચી ગ્નાન લે છે; તેજ ચોપડી બીજો માણુસ વાંચે છે તો તેમાંથી તે ગ્નાન લેતો નથી! અર્થાત જેની રૂચી જેમાં રમી રહેલી છે; તેમાં તે માણુસ આનંદ માને છે. ભાઇઓ! ત્યારે આપણે સત્યાનંદ કોને કહીશું! કે જે આ દુનિઆમાં મહાન રૂષિઓ અને વળી ઘણા વિદ્વાનો થઇ ગયા છે. તેમને પોતાના ગ્રંથોમાં જે પ્રસંસા કરી છે, તેજ શ્રેષ્ટ આનંદ છે; એમ મારા વિચાર પરથી સહેજ જણાઈ આવશે.

જુઓ કે મહાત્મા શ્રી આનંદઘનજી મહારાજનાં બનાવેલાં ચોવીશ તિર્થંકર ભગવાનનાં સ્તવનો! તે વાંચક વૃદ્ધો (દરેક જૈનો) વાંચે છે; પરંતુ યોવન, શૃંગારમાં લૂબ્ધ બનેલા (જુવાનીઆ) એવા પુરૂષો તે સ્તવનો વાંચી જુદોજ વિચાર કરે છે. વળી જે ગ્નાની, ધર્મનું રહસ્ય જાણવાવાળા છે. જેને આ દુખ રૂપી સંસાર જાણ્યો છે; તેવા પુરૂષો તે સ્તવનો વાંચી પોંતાના આત્માનું શ્રેય કરે છે. આહા!

વિચારની કેટલી બધી મહતા! માણુસને સારી અને નબળી પાયરી ઊપર લેઈ જનાર છે. વિચારને શુદ્ધ કરવા એ આપણી પહેલી ફરજ છે. પુસ્તક બનાવવામાં કાંઈ ભુલચુક થઇ હોય, તો તે વાંચકવર્ગ સુધારી દરગુજર કરશે; એવી આશા છે, ને તે ભુલ સુધારવાને તેઓ લખી મોકલશે તો તેમનો મોટો ઊપકાર થશે એજ.

પોસ શુકલપક્ષ ૧
વિક્રમ સંવત ૧૯૫૭
અડાળજ.

લી. સેવક,
શાહ. દોલતરાંમ ખેમચંદ.

આત્મોપદેશ સ્તવનાવળી.

મંગળાચરણ.

સરવસ્તી મા વરદાયની, જીભે વસો જરૂર;
અર્થ અનર્થ જાણું નહીં, નહી સાંધનમાં સુર. ૧
પીંગળ પાઠ પઢયો નથી, નહી કાંના નહી રેફ;
તાલ શ્વર જાંણું નહીં, એક ઇશ્વિર કરૂણા ટેક. ૨
રાગ રંગ જાંણું નહીં, પણ પુરણ લાગ્યો પ્રેમ;
ગુણ ગાવા દીલ ઊલટયું, ગાયન કરીયું તેમ. ૩
શુદ્ધ અશુદ્ધ કરો માફ સૌ, હૃદય ના ધરશો રોષ;
પ્રેમ ગાયન પરમેશ્વરૂ, ના દાખવશો દોષ. ૪
મંગળંચ અરીહંત દેવ, મંગળં સિદ્ધ સ્વરૂપ;
આચારાજ અરજી સુણો, ઉપાધ્યાય મંગળ રૂપ. ૫
સાધુજીશું કરણી ઘણી, પંચ પરમેષ્ટી રૂપ;
મમતા મેલે મોક્ષં દે, તારે ભવજળ કુંપ. ૬
મંન મારૂ તુમ ચરણુમાં, તુમ નજર મુજપર હોય;
રસના રસથી વિનવું, દોષ ના કાઢો કોય. ૭

રાગ પ્રભાત.

ઊઠ અલબેલડા જાવુંછે છેલડા, સ્વપનાનું સુખછે સર્વ ખોટું;
જરૂર તું જાંણુજે મમતા મત આંણુજે, કાળનું કોડીઊં છેજ મોટું. ઊઠ.
કારસું કોડીઊં ઇશ્વિરે જોડીયું, તેમાં પુરાણા કૈક દેવદેવા.
મનુષ્યને પંખીડાં દાંનવ બહુ બળા કાળ કહે ઝડપીને મારે લેવા. ઊઠ.
કાળની ફાળ દશવાર છે દીનમાં, તેતર ઉપર જેમ બાજ તાકે;
દોલત કહે મુરખા પાણી વલોવી કાં, માખણુની આશ મિથ્યા તું રાખે. ઊઠ.

રાગ પ્રભાત.

અવસર જાય છે ગોથાં પછી ખાય છે,
ચાલ્યુ છે સુખને સુર જેવું. અવસર૦ ૧
સ્વમામાં સુખડી રાજરીદ્ધી ભરી,
પુત્ર પરિવારને દારા દીઠી;
ધન બહુ ધારીઊ જાગીના ભાળીઊ,
અંગો તે અંગમાં લાગ્યુ ઉઠી. અવસર૦ ૨
પાણીમાં મુઠડી કાઢી ખાલી પડી,
તે રીતે જગતમાં જાણુ ભાઈ;
દોલત દિલ બહુ સ્વાર્થ છે સહુ,
ખોખરી દોણીતો સાથ આઇ. અવસર૦ ૩

પ્રભાતીયું.

કોણુ બચ્યો કાળથી, ગયા મોટા મારથી,
કાળથી કોઇ ન પામ્યા રેહેવા.
કર્ણુ, અર્જુનને, વિક્રમ, વર સમા,
કાળના કોળીયે ગયા પ્હેલા. કોણુ૦ ૧
ઇંદ્ર અધીક ગયા, કાળને નહી દયા,
શેષ સરખા તેને સળકી લીધા;
રાવણુ રણુ લીયો, કોરવે કયા કીયો,
કાળે આવી જયારે ડંકા દીધા. કોણુ૦ ૨
લક્ષ ચોરાશીમાં કાળતો ચુંગતો,
આખો નથી કોઇ અવનિમાંહી;
દોલત દીલ જુવે, જમ દેખી રૂવે,
જોર કશું નહી ચાલે ત્યાંહી કોણુ૦ ૩

પ્રભાતીયું.

દ્વારકાંના વાસીરે, અવસર વહેલા આવજોરે (એ રાગ.)

અવસર તો આવ્યોરે, ફરી ફરી નહી મળે રે.

ઉંટજ થઇનેરે બોજા ઉઠાવશોરે,
વહેસો વહેસો અણુતોર્યા સીર ભાર;
હાથીને હડસેલેરે ગઢ તોડાવશેરે,
ઉપર પાપી મારસે મોહોકમ માર. અવસર૦ ૧

બળદજ થઇનેરે બોજા ઉઠાવશોરે,
ખાસો ખાસો લીલી સુકી ઘાશ;
અંધારી બાંધીનેરે ઘાંણીમાં ઘાલશેરે,
હળ ગાડે જોતરતાં પાંમશો ત્રાસ. અવસર૦ ૨

ગર્ધવ થઇનેરે ગલીમાં ભટકશોરે,
પીઠે બોજો ઉપાડશોરે અપાર;
ઉકરડે ચડીનેરે ભુંભું ભુંકસોરે,
સાંજ પડે કુંભાર નહી લે સંભાળ. અવસર૦ ૩

ઝાડજ થઇનેરે ઊંધા મુસ્તક ઝુલશોરે,
ઉપર લેશો અણુતોળ્યા શીરભાર;
કુહાડે કાપીને કાયા તારી તોડશેરે,
દોલત કહે છે ચેતન ચેત આવાર. અવસર૦ ૪

મનડુ માયાને મળવા જાય છે રે એ રાગ.

મનડુ વીરના ચરણે મોહી રહ્યુંરે,
દીલડુ દેખીને હેરખીત થાય. મનડું૦ ૧

પાંનશર મધ્યે પ્રભુજી નીકળ્યારે,
જેના રૂપ તણો નહી પાર. મનડું૦ ૨

કંચન કાયા વાલીડાની શોભતીરે,
માંથે મુગટનો ઝગકાર. મનડું૦ ૩
લેલાટ ચળકે જાંણે ચાંદલોરે,
હૈડે સાચા હીરાનો હાર. મનડું૦ ૪
બાંહે શોભે બાજુ બંધ બેરખારે,
જાંણે વીજલડી ચમકાર. મનડું૦ ૫
સાહેબ શેવ્યા થકી સુખ થાય છે રે,
જેના દર્શનથી દુઃખ જાય. મનડું૦ ૬
ચંદન બાળાએ વહોરાવ્યા બાકળારે,
સહેજે ઉતરીયાં ભવપાર. મનડું૦ ૭
જીરણ શેઠે કીધી ઝંખનારે,
જેના તનમાં લાગ્યો તાર. મનડું૦ ૮
શરણે રાખી તારો સાહેબારે,
છે દોલતને તુજ આધાર. મનડું૦ ૯

અથ માહાવિરજીન સ્તવન.

(ભલારે મર્દંગ બાજે બીન મઢી—એ રાગ.)

ભલારે પાંનસર પુન્યનો પડો, જેને અમુલ્ય હીરલો જડયો. ભલારે૦ ૧
પાંનસરમાં પ્રભુ પધાર્યા, થઈ છે લીલા લહેર;
ચોવીસમા જીનરાજ નીકળ્યા, રાવળ કેરા ઘેર. ભલારે૦ ૨
રાવળને તો પુર્વ જન્મનું, સંચીત ઉગ્યુ પુન્ય;
ત્રણ ભોવનનો નાથ પધાર્યા, તેને શાંની નુંન્ય. ભલારે૦ ૩
ધન્ય ભાગ્ય એ ધરણીનું જે, નીકળ્યા વીર જીણંદ;
પ્રેમ ધરી સૌ પુજા કરતા, મનમાં ઘણો આનંદ. ભલારે૦ ૪
ભોમી કેરૂં ભાગ્ય ઊઘડયું, પુજે સૌ નરનાર;

ઇંદ્રપુરી સરખુ જાંણી, હૈડે હર્ષ ન માય. ભલારે૦ ૪
દર્શન કરીને જતા જનની, પુરા પ્રભુજી આશ;
દોલત કહે છે દયા કરીને, રાખો તમારી પાસ. ભલારે૦ ૫

રાગ ઊપરનો.

વીરજીન વંદુ વાર હજાર, તારી માયાનો નહી પાર વીર૦ ટેક
અલખ નિરંજન આપ ધણી છો, ચૌદ ભોવન સરદાર;
તુમ માયાનો પાર ના પામું, ભક્ત તણા ઉપગાર. વીર૦ ૧
ભક્ત કેરે કારણેરે, કીધું કળીયુગમાં જોર;
પડછો દીધો પાધરોને, સૌનો ઉતાર્યો તોર. વીર૦ ૨
પોહું પડયું ને પ્રભુ નીકળ્યા, થયો અચંબો અપાર;
ઢોર કેરા રોગ મટાડયો, દુધે નાહ્યા દાતાર. વીર૦ ૩
દેશ વિદેશે વાતો ચાલી, આવે સંઘ અપાર;
પ્રેમીજનતો પ્રભુને તલસે, ગાફલ ખાય માર. વીર૦ ૪
ભવીકજનને ભક્તિ વ્હાલી, દુર્જનને દુઃખ અપાર;
દોલત કહે છે નજરે દેખો, કરણી ફળ સંચાર. વીર૦ ૫

મોરલી વાગી એ રાગ.

મનડું મોહ્યું, મેં નજરે દર્શન જોયું;
જોયું નજરે માયા લાગી, મનની ભ્રાંત્તી સર્વ ભાગી;
દીલથી દુર્મતી સર્વે ત્યાગી, ચીત પરોયું. મેં નજરે૦ ૧
રાત દીવસ રટણ તમારૂં, ચરણે ચીત્ત ચોટયું છે મારૂં;
તારૂં દર્શન લાગે પ્યારૂં, પાપ ખોવાયું. મેં નજરે૦ ૨
તુમ શરણુ વિના સહુ ખોટું, પડી માયા બંધન લોટું;
તોફાન લાગ્યું મોટુ, અમુઝાઈ રોવું. મેં નજરે૦ ૩
મહેર કરો મુજ સુણી અરજી, તુમ શરણે આવ્યો ગરજી;
કરો પરમાર્થની મરજી, દો જનને ખોયું મેં નજરે૦ ૪

તારા નામની લાગી તાળી, તારી મુર્તી લાગે વાહાલી;
દેલતને પદ દ્યો મોરારિ, કાપી કોહ્યું. મેં નજરે૦ ૫

રાગ ઊપરનો.

રસનાએ રહેજો હું ગુણ તમારા ગાઊં.
ચોવીસમા જીનવર રાયા, તોરી કંચન વરની કાયા;
ત્રીસલાજીના છો જાયા, પડું છું પાઊં. હું ગુણ૦ ૧
ક્ષત્રી કુળે જન્મ તહમારો, વળી સીદ્ધારથ કુળનો તારો;
સિંહ લંછન છે વરતારો, વારિ તો જાઊં. હું ગુણ૦ ૨
અમલી ક્રીડા જીત્યા જ્યારે, વીરનાંમ પદ્ધાવ્યું ત્યારે;
દેવે હરખ ધરી તે વારે, મંન ઊલસાયું. હું ગુણ૦ ૩
સંસારને અળગો કીધો, વૈરાગે વાસો દીધો;
દ્વાદસ વરસે કેવળ લીધો, સમોવસર્ણ આયુ. હું ગુણ૦ ૪
ત્રીગડે બેસી બોલ્યા વાંણી, સુણતાં બાર પર્ખદા પ્રાણી.
સૌને વ્હાલી અમીરસ વાંણી, દોલતે ગાયું. હું ગુણ૦ ૫

અરણીક મુનીવર એ રાગ.

કળીયુગ માંહીરે આતમ તારવા, પાંચમા આરારે માંહ્ય;
પાંનસર જઇનેરે પુજો વીરને, મુક્તિ માર્ગ છે તાંહ્ય. કળીયુગ૦ ૧
ભાવે ભક્તિ કરીએ ભેટતાં, આતમ નીર્મળ થાય;
પુન્ય પસાયેરે ઓ પ્રાણીઆ, ભવનો ફેરોરે જાય. કળીયુગ૦ ૨
અજ્ઞાની જીવ અનંતભવ આથડે, લક્ષ ચોરાશીરે માંહ્ય;
સુખ દુઃખ સહેતાંરે તૃષ્ણા નવ ટળે, ભાઇ કેમ ભુલીરે જાય. કળીયુગ૦ ૩
છેદન ભેદન પ્રાણ બહુ સહ્યાં, વર્ષા, શીતને, તાપ;
વળી મુત્રમાં ખાતો ગોથડાં, પામ્યો બહુ પરિતાપ. કળીયુગ૦ ૪
આ ભવ પાંમ્યોરે ભજ તું વીરને, જન્મ મરણ મટી જાય.;
કાળ ભમેછેરે માંથે તાહરા, જોતાં ઝડપીરે જાય. કળીયુગ૦ ૫

મનની મમતારે મનમાં રહી જશે, વીચાર્યું વાયેરે જાય;
એવુંરે જાણી મમતા મેલને, ધર્મ થશે તુજ શાહ્ય. કળીયુગ૦ ૬
અંતરગતથી વીરને ઓળખો, અંતર જ્યોત જગાય;
દોલત કહે છે ધર્મ પસાઉલે, જ્યોતે-જ્યોત મીલાય. કળીયુગ૦ ૭

રાગ ઊપરનો.

મનુષ્યા દેહ તો આવો નહીં મળે, ચેતનહારારે ચેત;
સમતા રૂપીરે સાયર ઝીલને, શીદને થાય છે ફજેત. મનુષ્યા૦ ૧
ઉંડો સાયર જળ બહું કારમું, કેમ ઊતરશોરે પાર;
નેકના નાવેરે બેસો પ્રાણીઆ, તે છે તારણહાર. મનુષ્યા૦ ૨
ઉંચી મેડીરે અજબ ઝરૂખડા, સુવા સેજ તળાઇ;
ઊપર છત્ર ઢળતી છાંયડી, રહેશે આંહીંનાં આંહીં. મનુષ્યા૦ ૩
માલ ખજાના રે દોલત તાહરી, ફરતી સઘળેરે આંણુ;
નોબત નીશાને ડંકો વાજતો, પગમાં પ્રલય તે જાંણુ. મનુષ્યા૦ ૪
કાચી કાયારે માયા જાળમાં, પીંપળ પાંન ખરંત;
હરણુની ટોળીરે પળમાં વીખરે, બંદુક ગોળી ઝરંત. મનુષ્યા૦ ૫
કાંમની કંચન નહીં તુજ કામનું, સ્વપ્ના સરખુંરે હોય;
જાગી જુવેને રૂવે બાપડો, નજરે નાવેરે કોય. મનુષ્યા૦ ૬
એવું સમજીરે સતગુરૂ પ્રેમથી, ધર્મ ઊપર ધર પ્રીત;
દોલત કહે છે દયાથી દુઃખ મટે, શાસ્ત્ર તણી છેરે રીત. મનુષ્યા૦ ૭

માહાવીર મંદીર મજેથી તાળી આપતાંરે.

ભોંયણુપુરને ભાળી તાળી લીજે તાંનમાંરે,
જેમાં વસીયા છે વાલો મારો વાસ;
એવા મલ્લીજીનના દર્શનથી દુઃખ વામીએરે.

સાખી.

ભોયણુપુર ગાંમ બન્યું, ભલું સ્વર્ગપુરી તુલ્ય;
જળહળ જ્યોત ઝગી રહી, કુદરત ખાએ ભૂલ્ય.

એવા અંતરજામી જોતાં અંતર ઊલસેરે,
ભક્તીજનને ભાવે આવે અંતર જ્ઞાન. એવા મલ્લી. ૧

સાખી.

ઓગણીસમા તિર્થંકર, પ્રભાવતીના પુત્ર;
કુંભનરેશર કુળમાં, શોભાવ્યું ઘરસુત્ર.

જીનજી કુંવારે તો સંજમ તમે આદર્યુંરે,
ત્રણુસેં પરીવારનું લાગ્યું તપમાં ધ્યાન. એવા મલ્લી. ૨

સાખી.

નીલવર્ણ કાયા ભલી, તપ તપીઆ રહી શાંન;
પરીસહ બાવીસ જીતીઆ, પાંમ્યા કેવળજ્ઞાન.

એવી અખંડ જ્યોતે જ્યોત મીલાવી ભાવથીરે,
એવા આપ પાંમ્યા ચૌદ ભોવનનું માન. એવા મલ્લી. ૩

સાખી.

ભોયણુપુરમાં ભાવીઆ. પ્રેમી સેવે પાય;
સંઘ આવે બહુ સાંમટા, હૈડે હરખ ના માય.

પ્રેમે પુજે પ્રુજે કર્મ અતીશે કાળમાંરે,
દેખી દોલતને તો લાગ્યું તમ શું ધ્યાંન. એવા મલ્લી ૪

(ગરબો.)

મમતા મુકી જીવડા, મહાવીર જીનવર પુંજીએરે;
જેના સ્મરણુથી તો તરીએ આ સંસાર,
એવા જીનનાં દરશન કરીએ બહુ પ્રીતથીરે.

સાખી.

મંગળ માહાવીર ધામ છે, વળી મંગળરૂપ;
ત્રણ ભોવનમાં કોઈ નથી, એવું અકળસ્વરૂપ.

પાંના પુરમાં બેઠા, નજરે ભાળ્યા નાથનેરે;
મૂર્તિ સારી પ્યારી તેજ તણો અંબાર. એવા જીનજી૦ ૧

સાખી.

માથે મુગટ સોહામણો, હૈડે ઝગકે હાર;

બાંહે બાજુબંધ બેરખા, કાંને કુંડળ સાર.

લીલાવટ હીરલો ઝળકે પુરણ તેજથીરે;

મુખડુ જોતાં જેની માયા અપરંમપાર. એવા જીનજી૦ ૨

સાખી.

અનોપમ આંગી ઓપતી, કરમાં શ્રીફળ સાર;

છત્ર સોનેરી શીર ઢળે, ઝળકે જ્યોત ઝળકાર.

એવી ન્યારી પ્યારી સોભા દેવળ દીપતીરે;

પુજા પાત્રી આરતી વાગે ઘંટા નાદ. એવા જીનજી૦ ૩

સાખી.

ઘડી ઘડી ઘડીયાં બજે, રૂમઝુમ ઘુઘરનાદ;

ઘુમ ઘુમ શરણાઈ બજ રહી, ગાવે કીનર સાદ.

ભેળ ભુંગળને કાંશી મૃદંગ, માંહે વાજતીરે;

દેહેરા માંહી દેખ્યો, થા થા થા થેઈકાર. એવા જીનજી૦ ૪

સાખી.

દર્શનથી દુર્મતિ ટળે, પળમાં છુટે પાપ;

પુજ્યાથી પુજનિય થશો, એવો છે પ્રતાપ.

બંદગી કરતાં બંદન છુટે, આ સંસારથીરે;

દોલતે દીલમાં સમજી શોધી લીધો સાર. એવા જીનજી૦ ૫

(ધન્ય અંબેમા લાલરે એ રાગ.)

વીર વારૂ કહું વાતરે, અરજ અમારી સાંભળોરે;

વીર વારૂ કહું વાતરે, દયા કરી દાસને ધાઈ મળોરે એ ટેક.

વીર અનંતા ભવ હું આથડયોરે, વીર. આજ શરણે મેં તુજ જડયોરે. ૧

વીર ઝાડ થઈ ઊંધો ઝુલતોરે, વીર. ફલફુલથી ઘણો ફુલતોરે. ૨

વીર કુહાડેથી મને કાપીઓરે, વીર એ ભવ બહુ સંતાપીઓરે. ૩
વીર પાહાડ કઠોર ભાર બહુ થયોરે, વીર શીત વર્ષા તાપ મેં સહ્યોરે. ૪
વીર પંખીના ભવમાં પ્રાણીઓરે, વીર ધર્મ અધર્મ નવ જાંણીઓરે. ૫
વીર પશુના ભવમાં બહુ ફર્યોરે, વીર વનસ્પતિ લીલી બહુ ચર્યોરે. ૬
વીર પેટના પોષણુ કારણેરે, વીર માર ખાધો ધણી બારણેરે. ૭
વીર લખરેચોરાશી ખાંણુમાંરે, વીર ખેંચાણો તાંણાતાંણુમાંરે. ૮
વીર મનુષ્ય જન્મ મળી આવીઓરે, વીર સતગુરૂજીએ દર્શાવીઓરે. ૯
વીર જીન ધર્મ પ્રસાદથીરે, વીર દર્શન ના ધો શા બાદથીરે. ૧૦
વીર દોલતને શરણે રાખીએરે, વીર નેક નજર કાંઈ દાખીએરે. ૧૧

રાગ ઉપર માફક.

આવ્યો પીટણુ કાળરે, અરિહંતને આરાધજોરે;
વૃદ્ધ જોબનને બાળરે, આત્માનાં કારજ સાધજોરે. ૧
ધરી ધિરજનું નાવરે, હલેશું હિમ્મતનું રાખજો;
માની સોખાણુ મનરે, નિતી સઢનું નાંખજો. ૨
તેને તરતાં સાયરે, વાયુ, વિજ, વેગ ન નડેરે;
તોડી જગતની જાળરે, શીવસુખ જઈ તે અડેરે. ૩
કામ કપટને છાંડરે, જાતિસ્મરણુ તને આવશેરે;
અરિહંતને આરાધરે, અંત વેળા મોક્ષ તે આપશેરે. ૪
બીજું શરણું નહિ કોઇરે, કુડી માયા છે કારમીરે;
કાચી માયા નહિ આવે કામરે, છેવટ થશે છારનીરે. ૫
આવાગમન મટી જાયરે, અનંતા સુખને પામીએરે;
દોલત દીલમાં તું જાણુરે, અઘોર દુઃખને વામીએરે. ૬

લાવણી.

વીર સુણો મુજ વાત, જગ્તના તાત, કહું શીરનામી;
અપરાધી આવ્યો શરણુ, મહા દુઃખ પામી. એ ટેક.

હું રઝળ્યો અનંતીવાર, ના આવ્યો પાર, હવે શું કરવું;
બહુ ભુખ તરશને ટાઢ, વેઠીને મરવું.
માયાનું ઝાલ્યું મુળ, પ્રગટયું સુળ, ઓ અંતરજામી. અપરાધી. ૧
બહુ કરી ક્રોધ કંકાસ, માયાની જાળ, લોભમાં ફુલ્યો;
ભવસાગર મારી ફાળ, નાવડું ભુલ્યો;
પાણી છે અપરંપાર, જવું પેલી પાર, અરે વીશ્રાંમી. અપરાધી. ૨
નેક નામનું ઝાલો નાવ, થશે બચાવ, અરે ભાઈ અમારા;
મોહ, માયા, રાગને દ્વેષ, તજ મિત્ર પ્યારા.
ક્ષમા સહને વીરા છોડ, મોરચું તોડ, અરે અજ્ઞાની. અપરાધી. ૩
તું હેત હમેશાં માર, જઇશ સાંમા પાર, અતર એમ જાણી;
તું વીર જીનેશ્વર આગળ, બોલે એમ વાણી;
દોલત કહે દયાળુ દેવ, કરૂં હું સેવ, જગ્ત વીશ્રાંમી. અપરાધી. ૪

લાવણી.

આ ભવમાં ભક્તિ કરો, લાગે છે ખરો, ફેર નહી આવે;
પ્રભુ આગળ જઇને જાતના અવગુણ ગાવે;
તો મહેર કરી માહારાજ, ગરીબની વાજ, હૃદયમાં લાવે. પ્રભુ. ૧
એ છે પ્રભુ જગ્તના તાત, સુણું સૌ વાત, પ્રેમ બહુ લાવી;
તારૂં ભાગ્ય ઉદય જો થાય, લખ્યું હોય ભાવી;
માયાનું બંધન કટે, ફેરો તો મટે, હર્ષ બહુ થાવે. પ્રભુ. ૨
સીદ્દ કાયર થાયે વીર, થાને તું ધીર; રાખ ભરૂસો દા'ડી દોડી;
તું ચિત્ત ચરણુમાં રાખ, હુંપદ છોડી;
તો થાશે તારૂં કામ, પોકીશ તું ધામ, અમરપદ પાવે. પ્રભુ. ૩
એ અખીલ બ્રહ્માંડના ભુપ, અકળ સ્વરૂપ, શરણુના બેલી;
ભક્તપર કરી મ્હેર ટાળે વાટ છેલ્લી.
વારે ચડશે વીર, હણી ભયભીડ, ભક્તિના ભાવે. પ્રભુ. ૪

દોલત તો દર્શન ચાહાય, ગુણ નીત્ય ગાય, હ્રદયમાં ધરજો;
અલબેલા અંત સમાના વેલા મળજો;
મુજ પતીત લાગ્યો પ્રેમ, મીન જળ જેમ, ભક્તિને દાવે. પ્રભુ. ૫

સ્તવન.

॥ ચાલ પ્યારા. ચાલ પ્યારા પ્રભુજી પુજીએ એ રાગ ॥

અંતસમે અરિહંત પરમાત્મા, નવ પદ ધરીએ મન મારા વાલમા. ૧
પહેલેરે પદ અરિહંત પરમાત્મા, બારગુણે શોભંત મારા વાલમા. ૨
બીજે તો સીદ્ધ સ્વરૂપ પરમાત્મા, આઠ ગુણે અનુપ મારા વાલમા. ૩
ત્રીજે આચારાજ ઓપતા પરમાત્મા, છત્રીસ ગુણ ભંડાર મારા વાલમા ૪
ઉપાધ્યાય અમીભર્યા પરમાત્મા, પચાશ ગુણ અપાર મારા વાલમા ૫
ગુણ સત્તાવીસ સાધુના પરમાત્મા. પંચ પરમેષ્ટી જાણુ મારા વાલમા ૬
પાપ અમાપ દુર કરે પરમાત્મા, વંદુ જોડી બે પાણઃ મારા વાલમા ૭
મંગળરૂપ મંગળીકછે પરમાત્મા, વંદુવાર હજાર મારા વાલમા. ૮
દોલત દીલમાં દયાકરો પરમાત્મા, મોક્ષના ફળ દાતારઃ મારા વાલમા. ૯

રાગ ઉપરનો.

અનંત ચોવીશી હું નમું હો વીરજી, તુંમ ચરણ પ્રતાપે મારા નાથજી.
સીધ અનંતા સેવીએ હો વીરજી, શેવે લય પામે પાપ મારા૦
કેવળ નાંણીએ સહુ હો, જ્યોતમાં જ્યોત પ્રકાસ મારા૦
સેવે સદા સુખ પાંમીએ હો૦ પુજ્યાથી પુરે આશ મારા૦
ભવી પણું ભાવે મળે હો૦ મોહની માળા તોડ મારા૦
ભાવ ધરી ભક્તિ કરૂ હો૦ વંદુ બે કરજોડ મારા૦
થોડુ કહ્યું ઘણું માનજો હો૦ હું અજ્ઞાની બાળ મારા૦
કાલાવાલા કરી કરગરૂ હો૦ સૌની લેજો સંભાળ મારા૦
દોલત દરીયામાં ડુબતાં હો૦ ઝડપીને ઝાલો હાથ મારા૦
રંગ રંગીલા તારો લાગ્યો હો૦ હવે નહી છોડ તારો સાથ મારા૦

સાતવાર.

પાંનસર પુજોવીર આતમ તારોરે;
એ ચોવીસમા જીનરાજ, ચીતમાં ધારોરે. ૧
આદીતે આંનંદ ભેર, વેહેલા મળજોરે;
મારે લાગી તમશુ પ્રીત, દુઃખડાં હરજોરે. ૨
સોમે સકળ સ્વરૂપ, જગ મગ જ્યોતીરે;
માણેકના મુગટ શીર, જડીઆં મોતીરે. ૩
મંગળ મોહ્યું મન, મુખડું ભાળીરે;
છે તેજ તણો અંબાર, છબી રૂપાળીરે. ૪
બુધે બહુ ભંડાર, ગુણના ભરીઆરે;
દયો દર્શન દીન દયાળ, શીવ વધુ વરીઆરે. ૫
ગુરૂએ આવ્યું જ્ઞાન ભવજળ તરીઆરે;
પાંનસરમાં દીધો પડછો, માહાવીર મળીઆરે. ૬
શુક્ર સૌને ભાવ, ઘણેરા આવ્યોરે;
પ્રભુ દેશ વિદેશની માંહ્ય, જસ ઉપજાવ્યોરે. ૭
શનીશ્વર સૌની આશ, પુરણ કરજોરે;
મારી અરજીઓ માહારાજ ધ્યાનમાં ધરજોરે. ૮
સાત તીથી સતદેવ, સુખડાં આપોરે;
દોલતનાં દયાળુ દેવ, દુઃખડાં કાપોરે. ૯

બાર માસ.

કાર્તિક કરૂણા રૂપ, માગસર માહલીરે;
આ પોસે પુરણ પ્રીત, ફેરા ટાળોરે. ૧
માઘે ઓ મહારાજ, આશા મોટીરે;
ફાગણ ફીકર ટાળી, જીવ જીવની કોટીરે. ૨
ચૈતર સુરણ કરજો, પાપ અમારારે;
વૈશાખે અનસુ પાય, દુધ પખાળ્યારે. ૩

જેઠે જગતના તાત, જરૂર હું જાણુંરે;
આ સ્વપ્ના સમ સંસાર, હાલું ભાંણુંરે. ૪
આવી જૂઓ અસાડે, બાજીગરની બાજીરે;
આ શ્રાવણે શું છે સુખ, થાય છે રાજીરે. ૫
આ ભાદરવે ભર દુઃખ, દરીયો મોટોરે;
આસોનો અંતર જાણુ ખેલજ ખોટોરે. ૬
બાર માસે બળવંત દુઃખની અરજીરે;
દોલતના દુઃખને ટાળ, પછી તુજ મરજીરે. ૭
લાગ્યો રંગ મજીઠ, મુખડું ભાળીરે;
એ વીર કહું કરજોડ, તોડો જાળીરે. ૮

આવ્યા શીદને લગાડી મોહનવર.

વીર સુણોને મારી વાતડી હો સાહેબા, વીર સુણોને મારી વાતડી. ટેક
અનંતાભવ ઘણુંઘણું આથડયો, શીતળ ના થઇ છાતડી, હો. ૧
ધન દોલત અને માલ ખજાના, રળીરળી તોડી નાંખી જાતડી. હો. ૨
કુટુંબ કબીલો પુત્રદારા પ્રેમની, કોઇએ નથી સંગાથની. હો. ૩
મારૂ મારૂ કરી મુવા મમતાએ આણુતા, રઝળતા દીનને રાતડી. હો. ૪
પાપમાં પૈસો ઇજિતે આપતો, પુન્યની ના ગમે પંચાતડી. હો. ૫
આબરૂમાં ઓપતો ને કમાયામાં કોપતો, અધર્મી કરતો એ ઘાતડી. હો. ૬
કાંમ ના આવ્યું તે સર્વે ગુમાવ્યું, સોટી વાગી જેમ હાથની. હો. ૭
થોડાસા પુર્વના પુન્ય પ્રતાપથી, ખુબ પડી તાહરી ખાતરી. હો. ૮
માટે માહારાજ હવે મહેર કરી ટાળજો, દોલતનાં દુઃખડાંની ઘાતડી.હો. ૯

ઊભલા રહેજોરે પ્રભુ આવે છે.

પાંનસર જઇને પુજતાં, ભવી ભાવોને;
તો ધ્રુજે કર્મ અનંત, આતમ તારવા ગુણ ગાવોને.
રાજગૃહી રળીઆમણી, ભવી૦ ત્યાં વીચર્યા વીર જીણુંદ. આતમ. ૧

માસખમણનું પારણું, ભવી૰ પુરણુ શેઠ ઘેર કીધ. આતમ. ૨
મોહોર સાડી બાર ક્રોડશું ભવી૰ દેવે વરસાવી દીધ. આતમ. ૩
જીરણુશેઠ તો ઝુરતા ભવી૰ પ્રભુ કેમ ના આવ્યા મુજ ઘેર. આતમ. ૪
વીરને વાંદવા ઊઠીઆ ભવી૰ તવ વીરે કીધી મેહેર. આતમ. ૫
સૌનો આતમ તારવા ભવી૰ ભવીજનને આવ્યો ભાવ. આતમ. ૬
દોલત કહે દર્શન કરે ભવી૰ ફરી નહી આવે આ દાવ. આતમ. ૭

મલ્લિજીન સ્તવન.

હાલો હાલો ભોયણુપુર જઈએ, ભોયણુપુર અલબેલું;
પ્રભુ પુજીને પાવન થઈએ, ભોયણુપુર અલબેલું.
પ્રભુનું મનોહર મુખડું રૂપાળું, ભો. જાણે શરદપુનમનું અજવાળું. ભો. ૧
માંથે મનોહર મુગટ બીરાજે, ભો. ઊપર હીરલા જડેલા છાજે. ભો. ૨
કાંને કુંડળ ઝળકારા, ભો. જાંણે વીજળીના ચમકારા. ભો. ૩
હૈડે હાર હીરાનો લેહેકે, ભો. અતર વળી મોગરો મેહેકે. ભો. ૪
બાંહે બાજુબંધનો જોડો, ભો. કોઈ વાતની નથી ખોડયો. ભો. ૫
કલ્લી શ્રીફળ સોનાનાં હાથે, ભો. રૂડી આંગી પહેરી મલ્લિ નાથે. ભો. ૬
ઘડીઘડી ઘડીઆળાં વાગે, ભો. મને તેનો તો પ્રેમ રસ લાગે. ભો. ૭
દેશોદેશના સંઘવી આવે, ભો. તે તો નવી નવી ભેટો લાવે. ભો. ૮
નરનારી તારા ગુણ ગાવે, ભો. દોલતના દિલ હર્ષ ના માહયે. ભો. ૯

સ્તવન બીજું.

વાજાં વાગ્યાંરે વાજાં વાગીઆં, વાગ્યાં વાગ્યાં મલ્લીને દરબારરે.
મંગળ વાજાં વાગીઆં,
વાલા સુવાળ ગુર્જર દેશમાં, શુદ્ધ કહીએ ભોયણુપુર ગામ. મં. ૧
વાલા કડી પ્રગણાના કોઠમાં, મારે વાલીડે કર્યો વીશ્રામ. મં. ૨
ત્યાંતો પડછો પરદેશે પોહોચીઓ, સંઘ આવે દર્શન કાજ. મં. ૩
કરે દર્શન ભવિજન ભાવનાં, મજરો લેજો લેજો માહારાજ. મં. ૪

સૌને લેહે લાગી તારા નાંમની, જાણ્યા ઓગણીસમા જીનદેવ. મં. ૫
અગર કપુરે કરૂં આરતી, કેશર ચંદન કરતા શેવ. મં. ૬
ફળફુલ નીવેદ ધરાવતાં, કરે ઓચ્છવ આનંદ ધ્યાન. મં. ૭
દયા રાખો દોલત ગુણ ગાય છે, આપો હૃદય કમળનું જ્ઞાન. મં. ૮

ચેતે તો ચેતાવું તનેરે પામર પ્રાણી એ રાગ.

નેણાંની લાલચ ખોટીરે. માયાના લોભી;
જેની આશા રાખે મોટીરે, માયાના લોભી. ૧
લાલચમાં લપટાયો, કહેને તેમાં શું કમાયો;
ઠાલો ફંદ ઉપજાવ્યોરે. માયા. નેણાં. ૨
ભ્રમણામાં પડી ભુલ્યો, ડાહાપણમાં તું તો ડુલ્યો;
ફોગટનો માને ફુલ્યોરે. માયા. નેણાં. ૩
લાલચ તો છે નઠારી, ઉંડા દીલે જો વીચારી;
છેવટ ભુંડી થનારીરે. માયા. નેણાં. ૪
નંદને તો માયા લાગી, લક્ષ્મીને ધાલી આધી;
મેલી ચાલ્યા સર્વ ત્યાગીરે. માયા. નેણાં. ૫
મોટા મોટા રાય રાણા, લાલચમાં તે લપટાંણા;
તૃષ્ણાએ તે તો તણાંણારે. માયા. નેણાં. ૬
તુંતો જાણે મારૂ મારૂ, તેમાં નથી જરી તારૂં;
અંતે અળગું રહેનારૂંરે. માયા. નેણાં. ૭
મોંઘા મનુષ્યાદેહમાંથી, નીકળ્યા પછી માઠી ગતી;
ફળીફળી તે મરતો નથીરે. નેણાં. ૮
કહે શું સારૂં કામ કીધું, નામ પ્રભુનું ના લીધું;
અમૃત મુકી ઝેર પીધુંરે. માયા. નેણાં.
અમુલખ હીરો આવ્યો, તે તો પ્રાણી તેં ગુમાવ્યો;
દાવ તારો નવ ફાવ્યોરે. માયા. નેણાં. ૧૦

માટે ચેતી લેને પ્રાણી, આખર છે ધુળ ધાંણી;
તરીલાં શું ભરે તાંણીરે. માયા. નેણું. ૧૧
દોલત કહે દીલ ધારો, વીમાશે નહી આવે આરો;
વીચાર સારા મન વિચારોરે. માયા. નેણું. ૧૨

કુંભરંગ ભારો નજરે દેખતાંજી એ રાગ.

નાથ નીરંજન નીત્ય સેવીએજી, સેવ્યાથી સફળ અવતારરે;
માયાનાં બંધન કારમાંથી, ઉતરીએ ભવપારરે. નાથ. ૧
નેમ જીણંદને નેહથારે, વંદુ વાર હજારરે;
સેહે લાગી છે તારા નામનીરે, મોક્ષ તણા છો દાતારરે. નાથ. ૨
નેમ જીણંદ જ્યારે જન્મીયારે; ત્યારે દેવે તો ડંકા દીધરે;
ઘેર ઘેર મંગળ બોલતારે, આનંદ ઓચ્છવ કીધરે. નાથ. ૩
બાળલીલા પ્રભુએ કરીરે, શંખનો શબ્દ અપારરે;
ધરા ધ્રુજીને મેઘ ગડગડયારે, કૃષ્ણ થયા ભયકારરે. નાથ. ૪
સુખથી સંજમ આદર્યુંરે, નવ પરણ્યા રાજુલ નારરે;
ગીરનારે કારજ સાધીઆંરે, ઊતરીઆ તે ભવ પારરે. નાથ. ૫
ભક્તિ તો દેજ્યો ભાવશુંરે, આત્મના છો આધારરે;
દોલત દર્શન ચાહછેરે, હૈડે હર્ષ ન માંહરે. નાથ. ૬

મલ્લિનાંથનું સ્તવન [રાગ હીંડોળાનો.]

હાલો હાલો દાદાના દેવળમાં, જઇને વ્હાલાને વંદીએ પળમાં. લાલ હાલો. ૧
દેવની શોભા બહુ સારી, તારી મનોહર મુર્તિ છે પ્યારી. લાલ. ૨
દીપકની જ્યોતો ઝળકે છે, માંહી હાંડીને ઝમરૂખ લળકે છે. લાલ. ૩
ત્યાં નાટકીઆ બહુ નાચે છે, તે દેખીને દીલ મારૂ રાચે છે. લાલ. ૪
તાલ મૃગંદને વીણા વાગે છે, મને તેનો તો પ્રેમરસ લાગે છે; લાલ.
દર્શનથી દુઃખડાં ભાંગે છે. ભવી કર્મ તણી રેખ જાગે છે. લાલ. ૬
ભોયણુપુરમાં ભલે બીરાજો છો, તમે શેવકના શીર છાજો છો; લાલ.
તારા નામે તો નીર્મળ થાય છે. દાશ દોલત તારા ગુણ ગાય છે. લાલ. ૮

લાવણી.

અનંત ચોવીસી જીનવર વંદુ, કર જોડી કરૂણા માગું;
પ્રેમ પુરમાં વાસ તમારો, દીયો જ્ઞાન અંતર જાગું;
અલખ નીરંજન આપ ધણી છો, તારણહારા લ્યો તારી;
ભવ અટવીમાં ભુલો પડીઓ, કોણ ગતી થાસે મારી;
મેહેર કરો તો મમતા મારી, તનના તાપ સરવ તાગું. અનંત. ૧
અકળ સ્વરૂપે આતમરૂપી, દેહ દેવળ ડંકા દીધા;
તત્વ જ્ઞાનનું તેજ લગાયું, જ્યોત ઝબકારા કીધા;
સત્ય તથા શૃગાર બનાયા, શીલ શરોદા ગાજે છે;
ભાવ ભેટણાં આવે ભારી, નીર્ભય નોબત વાજે છે;
મન મારી મૃદંગ બનાવી, તન તણું કીધું તાગું. અનંત.૨
તપ જપથી ભવસાગર તરીયા, શિવ સુખડાને તો ભાળ્યાં;
કર્મ ખપાવી જ્યોત જગાવી, આપ આતમને અજવાળ્યા;
અંતરજામી કહું શીર નામી, સેવકને શરણે રાખો;
અઘોર કર્મથી આપ ઉગારો, દૂર કરો દર્દ લાખો;
દોલત દીલમાં વાસો વસીયે, પ્રીત કરી પાયે લાગું. અનંત ૩

મલ્લીનાથનું સ્તવન.

[સુણો ચંદાજી,—એ રાગ.]

સુણો મલ્લીનાથ, તુમ સેવકની અરજ ચીતમાં ધારો;
મને સાહ્ય કરી, ભવસાયર માંહથી પ્રભુ પાર ઉતારો.
હું તારા દરબારે આવ્યો, તેં મહેર કરી તો દર્શન પાયો;
જબ ચરણે શીશ મેં નમાયો, સુણ. ૧
તારૂં રૂપ તો જ્યોત સુરજ સરખું, જેમ હીમને સોનારે પરખ્યું.
તે જોતામાં મારૂં મન હરખ્યું, સુણો મલ્લીનાથ. ૨

તારા માંથે મુગટ બીરાજે છે, કરકશી બાજુ બંધ છાજે છે;
ગુણ પાંત્રીસ વાંણીએ ગાજે છે, સુણો મલ્લીનાથ. ૩
સંઘ જાત્રા કારણ આવે છે, વીર આંગી અનોપ રચાવે છે
નરનારી તારા ગુણ ગાવે છે, સુણો મલ્લીનાથ. ૪
ઓગણીસેં એકત્રીસ આશ્વીન સારો, સુકલપક્ષ દ્વિતીયા દિવસ ધારો;
ગુરૂએ ગુણ ગાયા દોલતને તારો, સુણો મલ્લીનાથ. ૫

મલ્લીનાથનું સ્તવન.

ભવીવંદો શ્રી મંલ્લી જીણંદને જેના રૂપનો હો,
આવે નહી પાર કે;
નીલવર્ણ કાયા શોભતી ભક્તિ કરતાંહો,
ઊતારે ભવપાર કે. ભવીવંદો. ૧
જૈન ક્ષત્રી કુળમાં ઊપન્યા જૈનનો કહીએ હો,
કુંભરાજા તાત કે;
લક્ષણ અંગે બીરાજતાં વિરનાં જોઈ મોહીયે હો,
એક સહસ્રને આઠ કે. ભવીવંદો. ૨
પભુ જીન પ્રભાવતી કુખે આવીઆ કળશ લાછને હો,
શોભે છે સાર કે;
મીથીલાનગરી સોહામણી ગુણ પાંત્રીસને હો,
વંદિયે અપાર કે. ભવીવદો. ૩
જીન કુંવારે સંજમ આદર્યું દીક્ષા લીધી હો,
નવ લાગી વાર કે;
ત્રણ સત સાધુ સાથે વીચર્યા કર્મ ખપાવી હો,
પહોચ્યા મોક્ષ મોઝાર કે. ભવીવંદો. ૪
તેથી હું ઇચ્છું ભક્તિ ત્હારી શરણે આવ્યો હો,
રાખો જીર્ન રાજ કે;

દોલત દીલમાં વસો સદા શિશુ તારો હો,
મનવાંછીત કાજ કે; ભવીવંદો. ૫

ગાયન.

મારા મનમાં તનમાં એ રાગ.

પ્રભુ વીરને વંદુ હું બે કર જોડી પ્રેમે તે લાગું પાય
મેહેર કરો મુજ ઉપર નાથજી થાઓને મુજને સહાય.
વીર જીનેશ્વર નામ છે મોહું, ચોવીસમા જીનરાજ.
દયા કરો કાંઇ દીલમાં દાતાર, સેવક તારવા કાજ. પ્રભુ.

છપ્પો.

ધર જીનવરનું ધ્યાન, પ્રાણી તું શુંરે જુવે છે;
અવસર ચાલ્યો જાય, ખરી પળ કેમ ખુવે છે.
ઊતમ કુળ અવતાર, પ્રાણી આ તારો આવ્યો;
સમજ્યો નહીં તું મર્મ, વૃથા તેં જન્મ ગુમાવ્યો.
ખોય્યો માનવ ભવ, અળગો રહ્યો અરિહંતથી;
કહે હરગોવન કરગરી, ધર્મ કરો ખરી ખંતથી.

મોહ માન અહંકાર, માયામાં તું તો માહાલ્યો;
સાચો શ્રી જૈન ધર્મ, પ્રાણીઆ તેં નવ ઝાલ્યો.
કર્યું કપટનું કામ, કરૂણા મન નવ રાખી;
કાચી કાયા જોંત, તેમાં શું હુંપદ દાખી.
મારૂ મારૂ કરે મુરખ તલ ભારે તારૂ નથી;
કહે હરગોવન ફરી શીદ મરે ઠાલો તું મથી.

આવ્યો અવસર જાય, હાવતો ફેર ના આવે;
મુરખ ગોથાં ખાય, ફોગટ તું જન્મ ગુમાવે

રઝળ્યો દીવસ રાત, ધર્મની વાત ના જાણી;
ભારે ભરીઓ ભાર. તળીલાં લેછે તાણી;
લેનારો તો લેઈ જશે, પસ્તાવો પાછળ થશે;
કરે હરગોવન કરગરી, વખત જોત જોતાં જશે.

આવ્યો અવસર જાય, જેમ બાજીગર બાજી;
ખોટી માયા ફંદ, થયો તેમાં શું રાજી.
માંથે ભમતો કાળ, ઝડપીને તુજને ઝાલે;
મારે મોહોકમ માર, હાથ કોઇએ નવ ઘાલે;
કયાંથી આવ્યો ક્યાં જવું, કોણ વાશી કોણ દેશનો;
કહે હરગોવન કાયા તણો ભરૂસો નહી ઘડી એકનો.

ક્રોધ વીશે છપ્પા.

ક્રોધ સરવનો કાળ, ક્રોધે લક્ષ્મીની હાની;
જે નર રાખે ક્રોધ, વખત બહુ પસ્તાવાની;
ક્રોધે જાએ માન, ક્રોધને કાળજ જાણો;
ઝડપીલે જમદાર, ભલે હોય મોટા રાણો;
ક્રોધ થકી નર બહુ મુઆ, માટે ક્રોધને મારજો;
કહે હરગોવન કરગરી, ક્રોધ શત્રુને આરજો.

ક્રોધથી જપતપ જાય, ક્રોધથી કાર્ય ના સાધે;
ક્રોધ પાપનું મુળ, અંગમાં રોગજ વાધે;
ક્રોધે વિદ્યા જાય, ક્રોધે બુદ્ધીની હાની;
ક્રોધજ મોટુ દુઃખ જરૂર તું લેને માની;

ક્રોધ જગતમાં કારમો. અળગો રાખો અંગથી;
કહે હરગોવન કરગરી, કર સમતા સત સંગથી.

લોભ વીશે.

લોભ બડો નાદાર, માન મોટાનું ટાળે;
લોભે મોટી ધાત, ઘણુાંનાં ઊંધાં વાળે;
લોભે ના રહે શર્મ, ધર્મ કુળનો તો જાવે;
લોભે મારે ગામ, ઊપજતો તેની ખાવે;
ચાકર ધણીને મારતો દરમાયો જેનો ખાય છે;
દોલત કહે લોભાધિન થયા, તે નર નરકે જાય છે.

લોભ તે મોટુ દુઃખ કોઈદીન ધનની હાની;
લોભે ધર્મજ જાય, જરૂર તું લેને માની;
લોભ પાપનું મુળ, દુઃખ મોટુ તે જાણો;
લોભે પુન્યજ જાય, તેમાં શું સુખજ માણો;
લોભ કારમો જગતમાં, લોભે દયા રહેતી નથી;
દોલત કહે દુર કર લોભને, સીદ મરે ઠાલો મથી;

ધન વીશે છપ્પો.

ધન રળતાં કુકર્મ, સર્મ કોઇની નવ આવે;
ધન ધુતવાને કાજ અક્કળ તો જન્મ ગુમાવે;
ધનથી તુટે પ્રીત, રીત કોઇની નવ રાખે;
ધનથી લક્ષણુ જાય, દીનતા ઝાઝી દાખે;
ધન રાખતાં અધર્મ ઘણો, સુખ માણે નહી એક રતી;
દોલત કહે ધનના કારણે, મુરખ સીદ મરે મથી;

ધન રળવા પરદેશ જઈ દુકાન કરાવે,
સગાં સહોદર સાથ, મુકી દેશાવર જાવે;
ત્રીયા તોડે પ્રીત, પરની તો આશા રાખે;
ધનના કારણ શબ્દ, મુખ જુઠેરા ભાખે.
ધનથી પાપ અતી ઘણું, તોએ મુરખ મમતા કરે;
દોલત કહે દરીઓ દુઃખમાં, જણ અર્થ એકે નવ સરે.

કર્મનો છપો.

કર્મે આડો આંક, વાંક કોઇનો નવ કહેશો;
કર્મે લખ્યું થાય, દોષ કોઇને નવ દેશો;
કર્મે રાવણ રાય, સીતાનું હરણજ કીધું;
રોળાણો રણમાંય, કારજ કાંઇ નવ સીધ્યું;
કૌરવ કપટી કર્મથી, રણમાંહી રઝળી મુઆ;
દોલત કહે કર્મ પસાયથી, રાણા તે રંકજ હુઆ.

સુકૃત વિષે.

રળ્યો જગતમાં જેહ, પુન્યપર પુર્ણ પ્રીતી;
રળ્યો જગતમાં જેહ, હોય જેની શુદ્ધ નીતિ;
રળ્યો જગતમાં જેહ, દાન સુકૃત કરતો;
રળ્યો જગતમાં જેહ, પુન્યના પોઠી ભરતો;
દયા દીનતા રાખને, સદ્દગુરૂની સેવા કરે;
દોલત કહે તે સૌ રળ્યો, અંતસમે મુક્તી મળે.

પરમેશ્વરપર પ્રીત, ધન્ય રળ્યું તેનું જાંણું;
અધર્મ મુકે દુર, તેના બહુ ગુણ વખાણું;
હીંસાથી પામે હાર, સાર તત્ત્વ તે સોધે;
જાંણું જે જૈન ધર્મ, કદી નવ બોલે ક્રોધે;

માન માયા લોભજ તજે, કાયા નીર્મળ જે કરે;
દોલત કહે સઘળું રજ્યો, મુક્તિ તેને તો વરે.

લાવણી.

સંઘની શોભા બહુ સારી, સંઘની શોભા;
પાંનસર જઇને પુજ્યા વીરને, હર્ષ ધરી ભારી. સંઘની એ ટેક.
સંઘ નીકળ્યો, સૌ શ્રાવકનો, ઘણાં નરનારી;
દર્શન ઉપર દઢતા રાખી, પ્રીત ધરી ભારી. સંઘ. ૧
દેશ વિદેશે ચાલી વારતા, નેણાં લલચાયાં;
પુર્વે જન્મના પુન્યથી મેં, તુજ દર્શન પાયાં. સંઘ. ૨
દાદાજીના દર્શન કરીઆં, પાપ પડળ નાઠા';
આત્મરૂપી થયું અજવાળું, કર્મ કઠણ કાપ્યાં. સંઘ. ૩
ઓગણીસે છાસઠ સાલજ રૂડી, ભાદ્રપદે ભારી;
શુકલપક્ષને ભોમવાર તે, દીન છે ઉપગારી. સંઘ. ૪
હરગોવને તો હેત કરીને, લ્હાવો બહુ લીધો;
દોલતને તો દયા કરી તેં, અમૃત રસ પીધો. સંઘ. ૫
ગાંમ અડાલજ વાસ અમારો, દયા કરો દાતા;
સેવકને તો સંકટ પડતાં, કરજ્યે વિભુ શાતા. સંઘ. ૬

પ્રાર્થના.

દાસ દોલત અરજ કરત હે, અરજી હમકી ચીત લેના;
નાથ નીરંજન ભારી ન્યારી, મન મગ્નમાં બહુ રહેના.
તુમ કરૂણાથી દીન દયાથી ગુણ નાથજી મેં ગાયા.
અલક નીરંજન આપ ધણી છો, રાત દીન સેવું પાયા.
ગામ અડાલજ વાસ અમારો, દર્શનની લાગી પ્રીતી;
દયા કરોને દાતા મેરા. આપો આતમ શુદ્ધ મિતી.
નીત્ય નીત્ય નવલાં ગાયન કરીએ, હર્ષ ધરી હૈયે. ભારી;

દોલત કહે છે દયા કરોને, ભવજળથી લેજ્યો તારી.
કૃપાળુદેવા કરૂણા કરજો, સેવકની અરજ ઉરે ધરજ્યો,
આશા અંતર પુરી કરજો, અંત સમે વહેલા મળજ્યો.

ધન્ય ધન્ય ભદ્રકાળી એ રાગ.

લાવણી.

રૂડુંરૂડુ પાંનશર ગામ, જોવા જેવું છે તે ઠામ;
પ્રથમ પાંનાપુરી નાંમ, તે તો નજરે દીઠુ. ૧
ઓગણી છાસઠ કેરી સાલ, શ્રાવણુ માસે બન્યો તાલ;
સુકલ પક્ષે કીધા ન્યાલ, દર્શન લાગે મીઠુ. ૨
તીથી નોંમને તો જાંણું, રવીવાર તો વખાંણું;
આવ્યું તેવું રૂડુ ટાંણું, હર્ષ થયો હું તો રારી. ૩
રાવળ ઉપર કીધી મહેર, પ્રભુ નીકળીઆ તે ઘેર;
સૌને થઇ છે લીલા લહેર, હરખ્યાં નરને નારી. ૪
વાત દેશોદેશે ચાલી, સંઘ આવે ઘણા હાલી;
તારી મુરતી લાગે વાહાલી, પ્રીતે કરૂ દર્શન. ૫
ગુણ નર નારી ગાય, હૈયે આનંદ ના માય;
હરગોવન લાગે પાય, વીર થાઓ પ્રસન્ન. ૬
પ્રભુ દર્શન કેરા કાજ, આવ્યો છું હું તો માહારાજ;
રાખો ગરીબની લાજ, મન તલસે મારૂ. ૭
વિક્રમ સંવત હું જાંણું, ઓગણીસ છાસઠ વખાંણું;
માસ ભાદરવાનું ટાંણું, પ્રભુ આવ્યું સારૂ; ૮
સુકલ પક્ષ ભોમવાર, હર્ખ થયો છે અત્યાર;
આવ્યો તુજ દરબાર, સેવક હરગોવન. ૯
હરખ્યો વીર પ્રભુ ભારી, મુરતી લાગે બહુ પ્યારી;
આંગી અનોપમ ન્યારી જોઇ હરખ્યું છે મન. ૧૦

નાથ કેસે ગજકો બંધ છોડાયો. એ રાગ.

પ્રભુ પ્રીત કર જીવડા જો વિચારી, મોહનીદ્રાને લેને નિવારી. પ્ર. ૧
ભાઈ ભત્રીજો પુત્રને દારા, વિરધાર ક્યાંથી આવ્યાં;
સાચુ શગપણ અવિનાશીતું મેલી, આ સગાં ક્યાંથી ફાવ્યાં. પ્ર. ૨
માના ઉદરમાં ઊંધે મુસ્તકે, રહી દશ માસ તું ઝુલ્યો.
ત્યાં તને કોણે સાહ્યતા આપી, સાચો સગો કેમ ભુલ્યો. પ્ર. ૩
ભગમાં તુ સુંરે બોલ્યો પ્રાણી, શું બોલ્યો તેં શું પાળ્યું;
ક્ષુધા પીપાશા કૃમીઆની પીડા, તે દુઃખ કોને નીવાર્યું. પ્ર. ૪
રણુ સંગ્રામે આવી મળીઆં, સુત વિત્ત દારાને ભાઇ;
લેવાદેવા જ્યારે મટીરે જાશે, નહિ રાખે તારી સગાઇ. પ્ર. ૫
સ્વાર્થનો સંસાર સકળ છે, શા માટે કરે તું સ્નેહ;
અંતે તો તારૂ કોઇ નથી ભાઇ, તુંતો રહીશ તેનો તેહ. પ્ર. ૬
સંસારમાં સુખ સ્વપ્ના જેવું, આતસ કેરીરે બાજી;
જળ પરપોટા મેઘ વીજળી, તે શું જોઇ થયો રાજી. પ્ર. ૭
દીનદયાળે દેહ દીધો છે, સુકૃત સાધન સારૂ;
અમૃત મુકી વીષશું ચાખે, તેમાં ભલું નથી તારૂ. પ્ર. ૮
પ્રપંચ મુકી મનુષ્યાજન્મનો, મહીમા જેને જાંણ્યો;
બાપાલાલ કહે તેવા જનની, ટળે ચોરાસી ખાંણ્યો. પ્ર. ૯

આરતી.

આરતી શ્રી અરિહંતની નીત્ય કરીએ, હાંરે નીત્ય કરીએરે નીત્ય કરીએ;
તેના નામથી ભવજળ તરીએ, એ મોટા આધાર. આરતી. ૧
આરતી અખંડ અરૂપની ભવી ભાવે, હાંરે તેના તનના તાપ સમાવે.
જ્યારે જળહળ જ્યોત જગાવે, હાંરે તેજના ભીંઆકાર. આરતી. ૨
ધુપ ધ્યાનની ધાંખના ગણી કરલી, હાંરે કપુર અગરબતી વાવરવી;
ઝલ્લરીને શરણાઈ શરવી, એ છે પ્રેમ પુજાય. આરતી. ૩

મોતીડે માહારાજને તો વધાવો, હાંરે એ છે મનુષ્ય જન્મનો લાહાવો;
ફેર દાવ નહી આવે આવો, પુન્ય પોઠી ભરાય. આરતી. ૪
ગ્નાન ધ્યાન ગરવા બની ગુણ ગાવે, હરે જેથી તેજમાં તેજ સમાવે;
ફરી જનમ મરણુ નહી આવે, એવા છે પ્રતિપાળ. આરતી. ૫
તારક નામ છે તારસે એમ જાણો, હાંરે જેના નામના ગુણ વખાણો.
એને સેવ્યા થકી સુખ માંણો, દોલત એ છે દયાળા. આરતી. ૬

આરતી.

જય જય આરતી જરૂર હું જાણુ, ચોવીસ જીણુંદાના ગુણ વખાણું;
(જય જય.)
પહેલાં પંચ તત્વ વશ કરીઆ, તે કરણીથી ભવસાગર તરીયા. (જય જય.)
દુસરી દેહનો ખપ નવી કીધો, તે વારે કેવળ પદ લીધો. (જય જય.)
ત્રીજી ત્રણે ગુણ પ્રગટાયા, તે કરણી શીવપુર સીધાયા. (જય જય.)
ચોથી ચાર ગતીને મટાવી, તે વારે પ્રભુતા પદ આવી. (જય જય.)
પાંચમી પુન્યના ભરીઆ પોઠી, દોલતને તુમ ઓથ છે મોટી. (જય.)

મંગળદીવો.

દીવો દયાળુ તારાં નામનો, અંતવેળા તે કામનો જીહો; દીવો. ૧
મંગળ મંગળીક રૂપ છે, તેથી તરવાનો ભવજળ કુપ છે જીહો; દીવો.
દીવો ઉતારે દેહ આંધરે- પુન્ય તણા પોઠી ભરે જીહો. દીવો. ૨
દીવો તે દેવ ઉતારતા, માયાને મમતા મારતા જીહો; દીવો.
પ્રેમ ભક્તિથી પુજા કીજીએ, અમૃતના રસ પીજીએ જીહો. દીવો. ૩
વળી વળી લેઉં તારાં વારણાં, વાંઝીઆંને બંધાવે પારણાં જીહો; દીવો.
ચોવીશ જીણુંદ સાહ્ય આપજો, દોલતનાં દુઃખડાં કાપજો જીહો; દીવો.

સંપૂર્ણ.

શ્રી આત્મોપદેશ સ્તનાવળીમાં અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકનાં નામ.

---

૫૧ શ્રી બત્રીશીના પંચ તરફથી ગામ સાત.

અડાલજ.

૨૫ શા. બહેચરદાસ દલીચંદ
૧૫ શા. દલસુખરામ મનસુખરામ
૧૧ શા. સાંકલચંદ પાનાચંદ
૧૧ શા. પરસોતમ ઉગરચંદ
૧૧ શા. ઠાકરસી ફતેચંદ
૧૧ શા. દેવચંદ મનસુખરામ
૧૧ શા. દોલતરામ ખેમચંદ
૧૧ શા. નરોત્તમ મનસુખરામ
૭ શા. ચતુરભાઇ વનમાલીદાસ
૫ શા. મગનલાલ ખુશાલદાસ
૫ શા. હીરાચંદ ભુદરદાસ
૫ શા. ગીરધરલાલ ખેમચંદ
૫ શા. પ્રેમચંદ મનસુખરામ
૫ શા. માધવલાલ છગનલાલ
૫ શા. નથુભાઈ ખેમચંદ
૫ શા. ચુનીલાલ ખેમચંદ
૩ શા. પ્રેમચંદ લલ્લુભાઈ

વલાદ.

૧૩ શા. તારાચંદ લલ્લુશા
૧૧ શા. ખેમચંદ પીતાંબરદાસ
૫ શા. ઉગરચંદ સાંકલચંદ
૫ શા. મુલચંદ માનચંદ
૫ શા. મુલચંદ ડુંગરદાસ

વહેલાર.

૯ શા. રવચંદ માહાદેવરામ

બાહીએલ.

૫ શા. દોલાભાઇ મોતીચંદ
૧૧ શા. ગલાબચંદ પાનાચંદ મેદરા
૫ શા. રણછોડદાસ સાંકળચંદ. સરખેજ.

પ્રાંતિયા.

૫ શા. મગનલાલ હીરાચંદ.
૫ શા. કુબેરદાસ શંકરદાસ.
૫ શા, મુરચંદ જીવણલાલ.
૫ શા. સવચંદ માણેકચંદ.

વડોદરા.

૧૧ શા. હરગોવનદાસ ધનજીસા
૧૧ શા. મોહકમદાસ કાળીદાસ
૫ શા. તરભોવનદાસ ઉગરચંદ
૫ શા. આશારામ સાંકળચંદ.

અમદાવાદ.

૧૫ શા. ગટોરદાસ પાનાચંદ શાપુર ચુનાળાના ખાંચે.

૧૧ શા. છગનલાલ ખેમચંદ મહુ-
રત પોળ
૫ શા સાંકળચંદ બાલાભાઈ લુ-
ણસાવાડે મોટી પોળ.
૫ શા. કાળીદાસ રવચંદ ખેતર-
પાળની પોળ.
૫ શા. ગુલાબચંદ જેઅચંદ લુણ-
સાવાડે મોટી પોળ.
૫ શા. જમનાદાસ પાનાચંદ લુણ-
સાવાડે મોટી પોળ.
૫ શા. વાડીલાલ દોલતચંદ દેવ-
શાનો પાડો.
૫ શા. માસુખરામ ફુલચંદ કુવા-
વાળી પોળ.
૧૧ શા. ડાહ્યાભાઇ મોતીચંદ
માંડવીની પોળ.
૫ શા. ભીખાભાઇ અનોપચંદ.
૫ શા. ચોકશી મોહનલાલ ઉગરચંદ
૨ શા. મોહનલાલ દીપચંદ
રેશમી કાપડ બજાર.

જમીયતપુરા.

૧૧ શા. હરજીવનદાસ મોતીચંદ
૨ શા. ડાહ્યાભાઇ માસુખરામ
૨ શા. ઉગરચંદ સુરચંદ

ખોરજ.

૧૧ શા. છગનલાલ ફુલચંદ

પોર.

૫ શા. મનસુખરામ સવચંદ
૫ શા. હાલાભાઈ મગનલાલ

ઝુંડાળ.

૫ શા. જમનાદાસ ચેલદાસ

સાંતેજ.

૫ શા. ઉગરચંદ બહેચરદાસ
૫ શા. ફુલચંદ માનચંદ

ઓગણજ.

૫ શા. ઓતમદાસ હકમચંદ
૫ શા. પરભુદાસ ભાઇચંદ
૫ શા. ભાઇચંદ ગુલાબચંદ
૫ શા. ભાઇચંદ હીરાચંદ
૧૧ શા. ભોટશા અમથાલાલ

પાલજ.

૫ શા. નાલચંદ ઝવેરદાસ

રાયપુર.

૫ શા. છગનલાલ કુબેરદાસ

મેદરા.

૪ શા. ફુલચંદ ખેમચંદ

નરોડા.

૭ શા. મંગલદાસ બહેચરદાસ

સેજપુર.

૭ શા. તલકચંદ જેસંગદાસ

બાવલા.

૫ શા. રવચંદ બહેચરદાસ

કોબા.

૫ શા. ચકુભાઇ માણેકચંદ

૫ શા. સાંકળચંદ કરમચંદ

મોટા વડોદરા.

૫ શા. નાનાભાઇ જેઠાભાઇધી કાંટે કસાઇ પોળ

૫ શા. વખતચંદ ભગવાનદાસ ઠે. ગામ સેણુજનાપરા

બુડથલ.

૫ શા. હીલાભાઇ હુકમચંદ

ખરણાં.

૫ શા. ઇશ્વર ખેમચંદ

૫ શા. સેંધાભાઇ પરભુદાસ

એક ગ્રંથ! દો કાજ!!

સર્વે જૈન ભાઇઓને વિનંતી કરવામાં આવે છે આત્મોપદેશ સ્તવનાવળી ભાગ ૨ બીજો થોડા વખત છપાઇ બહાર પડશે. તેની કીંમત ૦-૧-૦ રાખવામાં આવેલી છે. આ પુસ્તકનું છપામણીનું ખર્ચ જતાં બાકીના પૈસા જ્ઞાન ખાતામાં જવાના છે; માટે તેમાં અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકો નામ નોંધાવવા મહેરબાની કરશે. એવી આશા છે. પત્રવહેવાર નીચેના સરનામે કરવો.

મુ. અડાલજ.
તા. દસક્રોઈ.
અમદાવાદ.

હરગોવન દલસુખરામ શાહ